પ્રાંતિજના પલ્લાચર ચોરી કેસમાં પ્રાંતિજ પોલીસ ડબ્બામાં અટવાઈ

ચોરીના આંકડાએ ત્રણ કરોડની સપાટી પાર કરી : એફઆરઆઇમાં ઉલ્લેખ થયેલ ડબ્બો પોલીસને ત્રીજા દિવસે ખાલી મળી આવ્યો : ગાંધીનગર આઇજી, જિલ્લા એસ.પી., ડીવાયએસપી સહિત પોલીસ કાફલાએ ઘટના સ્થળની મુલાકાત લીધી

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પલ્લાચર ખાતે પાંચ દિવસ પહેલાં રાત્રીના સમયે થયેલ ચોરીનો ભેદ દિવસે ને દિવસે ગુચાતો

જાય છે. તો ચોરીનો આંકડો ત્રણ કરોડની સપાટી પાર કરી અને ગાંધીનગર આઇજી, જિલ્લા એસ.પી અને ડિવાએસપી સહિતનો પોલીસ કાફલો પલ્લાચર સ્થળ તપાસ હાથ ધરી હતી. ચોરીના ઘટનાના છ દિવસ પછી પણ પ્રાંતિજ પોલીસ તો હાલ ડબ્બામાં અટવાઈ પડી છે. પલ્લાચરમા હાલ રાત દિવસ પોલીસ દ્વારા ધામા નાખવામાં આવ્યાં છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના પલ્લાચર ખાતે પાંચ દિવસ પહેલાં થયેલ ચોરીમાં ચોરીની રકમનો આંકડો હાલ તો મોટી સપાટી એટલે કે ત્રણ કરોડ ઉપર પાર થયો તો મકાનમાલિક દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ચોરી થયાની ફરીયાદમાં ૭૨૦૦૦ રોકડા સોના ચાદીના દાગીનાના ૫,૧૬,૫૦૦ મળી કુલ-૫,૮૮,૫૦૦ની ચોરી થયાની ફરીયાદ સાથે માત્ર એક ડબ્બાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેનો ડબ્બોછે તે વેપારી મદનલાલ ભવરલાલ શાહ રહે. સલાલ ધર્પો- ધીરદાર (વ્યાજે પૈસા ધીરનાર) દ્વારા પોલિસ સ્ટેશનમાં પોલિસ જવાબમાં ૮૦૦ ગ્રામ સોનું, ૩ સોના બિસ્કીટ (લંગરી) અને ૮૦ થી ૮૫ લાખ રોકડા હોવાનું પોલિસ તપાસમાં જણાવ્યું હતું. તો ચોરીના ત્રીજા દિવસે પણ ડબો ગામની સીમમાં આવેલ ખેતરમાંથી ખાલી મળી આવ્યો હતો. પોલિસ દ્વારા પણ પોલિસ ધમધમાટ તેજ કરી છે. હાલ તો ડોગ્સકોર્ડ, એફએસએલ સહિતની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલિસના હાથમાં હાલ તો માત્ર ખાલી ડબ્બા સિવાય કોઈજ સફળતા હાથ લાગી નથી. ડોગ્સકોર્ડ તપાસમાં ઘર અને ઘરની બહારથી આગળ ના જતાં પોલિસ પણ હાલ મુંઝવણમાં મુકાઈ છે. ગાંધીનગર આઈજી મયંકસિંહ ચાવડા તથા જિલ્લા એસપી સૌરભસિંધ તથા ડીવાયએસપી શ્રીવાસ્તવ સહિત પોલિસ કોફલો પલ્લાચર ગામે થયેલ ચોરીમાં તપાસને લઈને સ્થળ મુલાકાત લીધી હતી. હાલ તો પોલિસને માત્ર ખાલી ડબ્બા સિવાય ચોરી થયાનાં છ દિવસ વિતી ગયા પણ એક માત્ર ખાલી ડબ્બોજ હાથ લાગ્યો છે. તો પ્રાંતિજ પોલિસ હાલ પલ્લાચરમાં ડબ્બામાં અટવાઈ છે. હાલ તો શંકમંદો સહિતની પુછપરછ ફરી કરવામાં આવી રહી છે. ફરીયાદી સહિતની પણ વધુ પુછપરછ માટે પોલિસ સ્ટેશનમા લાવવામાં આવ્યાં છે. ત્યારે હાલ તો ડબ્બામાં અટવાયેલ પોલિસને કેટલી સફળતા મળશે અને ચોરીનો ભેદ ક્યારે ઉકેલાશે ત્યારે હાલ તો પોલિસ ખુદ ચોરીના ભેદ ઉકેલવામાં છેલ્લાં છ દિવસથી ડબ્બામાં ફસાતી હોય તેવું લાગી રહ્યું છે.

મકાનમાલિક નટુભાઈનું શું કહેવું છે

હું છેલ્લાં ચાર એક મહિનાથી સંપર્કમાં આવ્યો હતો અને તેવોએ મને મારા ઘરે હિસાબના ચોપડાનો ડબો મુકવા કહ્યુ હતું.

ડીવાયએસપી

સાબરકાંઠા ડીવાયએસપી વાસ્તવ પણ ચોરીની ઘટના બાદ છેલ્લા એક સપ્તાહથી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ધામા નાખ્યાં છે.

ડબ્બા માલીક કોણ છે

ડબ્બા માલિક મદનલાલ ભરવલાલ શાહ રહે. સલાલ તે પોતે ધિરાણનો ધંધો કરે છે. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે તેવો પોતે ઉંચા વ્યાજે ધિરાણ કરે છે અને તેવો છેલ્લાં છ મહિનાથી ફરીયાદી નટુભાઈ પ્રસાભાઈ પટેલના સંપર્કમાં લેવડ-દેવડને લઈને સર્પકમાં આવ્યાં હતા.

સાહિત્ય સભાની મીટીંગનું સ્થળ બદલાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સાહિત્ય સભાની મીટીંગનું સ્થળ બદલવામાં આવ્યું છે. હવે આ મીટીંગ સેક્ટર-૨ ૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સાંજે ૫ કલાકે યોજાશે જેની નોંધ લેવા સભાને જણાવાયું છે.

સંસ્કૃત વિદ્યાલય દિયોદર ખાતે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

દિયોદર, તા. ૧૦

સંસ્કૃત વિદ્યાલય દિયોદર ખાતે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા સમારોહ યોજાયો હતો. સરસ્વતી પ્રાર્થના થકી કાર્યક્રમની શરૂઆત કરતાં શાળામાંથી વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવોને વર્ણવ્યા હતા. આ પ્રસંગે શાળાના પ્રમુખ નાસિરખાન મલેક, ટ્રસ્ટી જતીન પંડ્યા, અખરબર શેખ, શામળ નાઈ સહિતનાઓએ પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી શુભકામનાઓ પાઠવી હતી.

રાત્રે બાર વાગ્યા પછી જન્મેલી બાળકીઓને કંકુ તિલક કરી સન્માન કરાયું

રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં તાજી જન્મેલી નવ જાત બાળકીઓ ને વધાવી હતી અને ગુલાબ નું ફૂલ તેમજ ચાંદીનો સિક્કો અને મમતા કીટ આપી સન્માન કર્યુ હતું

રાષ્ટ્રીય મહિલા દિવસ છે અને મહિલા ને સન્માન મળે તેમજ મહિલા ઉપ થતા અત્યાચાર બંધ થાય તે માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ભાજપ ના અગ્રણીઓ તેમજ મહિલાઓ સાથે મળી ધાનેરા ની તમામ હોસ્પિટલો માં ગઈ હતી અને ત્યારે રાત્રે બાર વાગ્યા પછી જન્મેલી તમામ બાળકીઓ નું કંકુ તિલક કરી સન્માન કર્યુ હતું અને ગુલાબ નું ફૂલ આપ્યું હતું અને બાળકી ના માતાઓને કપડાં તેમજ સુવાવડ ની કીટ આપી હતી.

રેવન્યુ તલાટીમાં ભરતીની જગ્યાઓ પર સરકારનો કાપ

અગાઉ બજેટમાં કરેલી ૩૫૦૦ થી વધારે જગ્યાની સામે હવે માત્ર ૧૮૦૦ જ જગ્યાઓ ભરવાની વાત મહેસુલ વિભાગના સૂત્રોએ જણાવી છે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકારે રાજ્યના વિવિધ જિલ્લા અને તાલુકામાં ખાલી પડેલી રેવન્યુ તલાટીની જગ્યાઓ ભરવા બજેટમાં ૩૫૦૦થી વધારે જગ્યાઓની જોગવાઈ કરી હતી પરંતુ સરકાર ૩૫૦૦ જગ્યાઓની સામે માત્ર ૧૮૦૦ જગ્યાઓ ભરવાનો જ વિચાર બનાવ્યો છે તેવી માહિતી મહેસુલ વિભાગના સૂત્રો પાસેથી માહિતી મળી છે. સરકારે રેવન્યુ તલાટીની ભરતીમાં કાપ મુકી બેરોજગાર યુવાનોની આશાઓ અને મહેનત પર પાણી ફેરવી નાખ્યુ છે. રેવન્યુ તલાટીની જગ્યા પર કાપ મુકવાના સમાચાર સોશ્યલ મિડીયા પર પણ ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ વધુને વધુ ઘેરૂ બનતુ જાય છે. દર વર્ષે લાખોની સંખ્યામાં યુવાનો સ્કૂલ કોલેજ પૂર્ણ કરી રોજગારી મેળવવા દોડધામ કરી રહ્યા છે. રાજ્યસભામાં યુવાનો સરકારી નોકરીઓ મેળવવા તનતોડ મહેનત કરી રહ્યા છે.

રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષથી મોટા પાયે સરકારમાં ભરતી કરવા વિશેષ ઉત્સાહ દાખવ્યો છે. જેને લઈ યુવાનો પણ સરકારી નોકરીઓએ તરફ મોટી સંખ્યામાં આકર્ષાયા છે. ત્યારે છેલ્લા એક વર્ષથી વિવિધ ખાલી જગ્યાઓની ભરતી કરવા પર મોટા પ્રમાણમાં કાપ મુકવાની છુપી તૈયારીઓ કરી દીધી છે. શુ સરકાર વિવિધ ભરતીઓ પર કાપ મુકી યુવાનોને વધુને વધુ બેરોજગારી તરફ વાળવા માંગે છે કે શું સરકાર બજેટમાં મોટી ભરતી કરવાની જાહેરાતો કરી છાપામાં વાહવાહી લૂંટે છે પરંતુ ભરતીઓ કરવામાં કાપ કેમ મુકે છે તે સમજાતુ નથી. સરકારની આવી કપટી નીતિને લઈ લાંબા સમયથી સરકારી નોકરીમાં જોડાવવા તૈયારી કરતા યુવાનોમાં આક્રોશ દેખાઈ રહ્યો છે. કેટલા યુવાનો નોકરી ધંધા છોડી તૈયારીમાં લાગી ગયા છે પરંતુ સરકારને ભરતીની ફાઈલો પરથી ધૂળ હટાવવાનો રસ નથી. રોજગારી આપવામાં અસફળ સરકાર પોતાના લાભો અને કાર્યો છોડી રોજગારી અને ભરતીના મુદ્દે નજર નાખે તો બેરોજગારોનો ઉદ્ધાર થાય તેમ છે. સરકાર રેવન્યુ તલાટીની ૩૫૦૦ની જગ્યા સામે કાપ મુકવાનો જ વિચાર કર્યો છે. તે અયોગ્ય છે તેવી બેરોજગાર યુવાનોની લાગણી છે.

મોડાસામાં નન્હી પરી અવતરણ કાર્યક્રમ થકી દીકરીના જન્મના વધામણા

૮મી માર્ચ વિશ્વ મહિલા દિન નિમિત્તે મોડાસા તાલુકા આરોગ્યવિભાગ દ્વારા મોડાસા શહેર અને તાલુકામાં નન્હી પરી અવતરણ કાર્યક્રમ થકી દીકરીના જન્મની વધામણાં કરી સરકારના બેટી બચાવો અને બેટી પઢાઓ વગેરે કાર્યક્રમની સમજૂતી આપી હતી. મોડાસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીજ્ઞા જયશ્વાલ લાયોનેસ ગુણવંતીબેન કંસારા, મહાલક્ષી હોસ્પિટલના ડૉ. રવિ પ્રજાપતિ, બાળ નિષ્ણાત ડૉ. એમ.એ. ખાલકની ઉપસ્થિતિમાં એક પરિવારમાં ૮ વર્ષ પછી દીકરી અવતરતા માતાનું સન્માન કરી નવજાત બાળકીને ચાંદીનો સિક્કો, મમતા કીટ મીઠાઈ અને ગુલાબનું ફૂલ આપી દીકરીના જન્મની ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લામાં ૧૪ નન્હી પરીઓના જન્મદિવસની ઉજવણી કરી ચાંદીનો સિક્કો, મમતા કીટ, મીઠાઈ અને ગુલાબના ફૂલ આપી માતાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું અને તમામ સરકારી હોસ્પિટલોમાં રંગોલી પુરવામાં આવી હતી.

કંપની સમાચાર

ભારત ડાયનેમિક્સ લિમિટેડનો ૧૩મીએ આઈપીઓ ખુલશે

એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ અને રિટેલ ડિસ્કાઉન્ટ : ઓફર પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦

ભારત ડાયનેમિક્સ લિમિટેડ (''કંપની'' અથવા ''ઈશ્યૂઅર'')એ ૧૩ માર્ચ, ૨૦૧૮ને ગુરૂવારનાં રોજ ભારત સરકારનાં સંરક્ષણ મંત્રાલય મારફતે કામ કરતાં ભારતનાં રાષ્ટ્રપતિ, પ્રમોટર (''વિક્રેતા શેરધારક'') (''ઓફર'') દ્વારા વેચાણ માટેની ઓફર દ્વારા ૨૨,૪૫૧,૯૫૩ ઈક્વિટી શેરનો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. કંપનીએ લાયક કર્મચારીઓને ફાળવવા માટે ૪૫૮,૨૦૩ ઈક્વિટી શેરનો હિસ્સો અનામત (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') રાખ્યો છે.

બિડ/ઓફર ૧૫ માર્ચ, ૨૦૧૮ને ગુરૂવારે બંધ થશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૧૩ થી રૂ. ૪૨૮ છે. એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ અને રિટેલ ડિસ્કાઉન્ટ ઓફર પ્રાઈઝ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦ છે. બિડ લઘુત્તમ ૩૫ ઈક્વિટી શેર માટે થઈ શકશે અને પછી ૩૫ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે.

ઓફર અને ચોખ્ખી ઓફર કંપનીની પ્રી અને પોસ્ટ ઓફર પેઈડઅપ ઈક્વિટી શેર કેપિટલમાં અનુક્રમે ૧૨.૨૫ ટકા અને ૧૨.૦૦ ટકા હિસ્સો ધરાવશે. ઈક્વિટી શેર ૫ માર્ચ, ૨૦૧૮નાં રોજ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''આરએચપી'') મારફતે ઓફર થયા છે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, આઈડીબીઆઈ કેપિટલ માર્કેટ્સ એન્ડ સીક્યોરિટીઝ લિમિટેડ અને યસ સીક્યોરિટીઝ (ઈન્ડિયા) લિમિટેડ છે.

એશિયન પેઈન્ટ્સ કલર નેક્સ્ટની ૧૫મી આવૃત્તિએ વર્ષ ૨૦૧૮ માટે કલર અને ડેકોર ટ્રેન્ડ્સ જાહેર કર્યા

છેલ્લા સાત દાયકાથી એશિયન પેઈન્ટ્સ ઘણા બધા ઉદ્યોગોને તેઓ કલર, ફિનિશ, ટેક્સચર્સ અને મટીરિયલ્સ સાથે જે રીતે સંબંધ જોડે છે તે પદ્ધતિઓ પ્રેરિત કરતી કલર્સ અને ડિઝાઈનની પ્રોફેશનલ ક્રિયેટર્સ અને ક્યુરેટર્સ તરીકે આગેવાન રહી છે. વાર્ષિક કલર અને ડેકોર પ્રવાહના વરતારોના ભાગરૂપ એશિયન પેઈન્ટસ દ્વારા કલરને કસ્ટ ૨૦૧૮ જાહેર કર્યુ હતું, જેમાં તેણે આગામી વર્ષ માટે ડિઝાઈન ઉદ્યોગને પ્રેરિત કરનાર બહુપ્રતિક્ષિત કલર ઓફ ધ યર અને યર કલાર અને ડેકોર પ્રવાહો જાહેર કર્યા છે.

પેશન ફ્લાવર ચાર પ્રવાહ તરીકે સુંદર બિઝી કૂલ, અલ્કેમી ઓફ મેમરીઝ, હ્યુમન અને અનટેમ્ડ સાથે કલર ઓફ ધ યર ૨૦૧૮ તરીકે જાહેર કરાયો છે. આ વરતારો આખુ વર્ષ ચાલેલા વૈજ્ઞાનિક અધ્યયનનું પરિણામ છે, જે ભારતના ટોચના ડિઝાઈનરો, આર્કિટેક્ટો, નામાંકિત સોશિયોલોજિસ્ટો અને જાહેરાત વ્યાવસાયિકોની નિષ્ણાંત પેનલ દ્વારા હાથ ધરાયું હતું. તેમાં નવા રંગોના પ્રભાવોની વાટ જોતી દુનિયાને ધ્યાનમાં લઈને વિચારપૂર્વકના મુદ્દાઓ અને પ્રવાહનું વિશ્લેષણ સંકળાયેલું છે.

સેરાએ પ્રિમિયમ સબ-બ્રાન્ડ સેનેટરનો પ્રારંભ કર્યો

શ્રીમતી દીપશિખા ખૈતાન, વાઈસ ચેરપર્સન, સેરા સેનિટરી વેર લિમિટેડ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ દેદીપ્યમાન સમારંભમાં ભારતભરમાંથી આમંત્રિત કરાયેલ ટ્રેડ એસોસિએટ્સની ઉપસ્થિતિમાં સેરા ગૃહની પ્રિમિયમ સબ-બ્રાન્ડ સેન્ટરનો પ્રારંભ કરાયો હતો. સેનિટરીવેર ક્ષેત્ર નળ અને ટાઈલ્સ વિભાગમાં અત્યાધિક ઝડપે વિકસતી સેરા બ્રાન્ડ મધ્યમ અને ઉચ્ચ શ્રેણી માટે અગ્રણી તરીકે સ્થાપિત થઈ ચૂકી છે જે હવે 'સેનેટર' બ્રાન્ડનો પ્રિમિયમ વિભાગ માટે પ્રારંભ કરી રહી છે.

સેરાની પોતાની ડિઝાઈનીંગ, મેન્યુફેક્ચરિંગ, વેચાણ તથા માર્કેટિંગ વિભાગની ટીમ અને પ્રતિષ્ઠિત ઈટાલિયન ડિઝાઈનર શ્રી એટોર્ન ગિયોર્ડાનો દ્વારા સેનેટર સબ બ્રાન્ડ પ્રસ્તુત કરવામાં આવી છે. શ્રી ગિયોર્ડાનો મિલાનના બાહ્ય વિસ્તારમાં સફળતાપૂર્વક ડિઝાઈન કંપની ચલાવે છે.

હાલમાં સેનેટર શ્રેણીમાં સેનિટરી વેર, નળ, વેલનેસ અને મિરરનો સમાવેશ થાય છે. આ શ્રેણીનું વખત જતાં વધારે ઉત્પાદનો સાથે વિસ્તરણ કરાશે. આરંભ કર્યા બાદ મીડિયા સાથે વાત કરતાં શ્રીમતી દીપશિખા ખૈતાને જણાવ્યું કે, સેરા કંપની આ ક્ષેત્રે સર્જાયેલ શૂન્યાવકાશને દૂર કરવા નવી શ્રેણીઓ વડે વેલ્યુચેઈન્સમાં પ્રગતિ કરી રહેલ છે.

નારાયણા મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને ફિક્કી ફ્લોએ અમરાપુર ગામમાં વિશ્વ કિડની દિવસની ઉજવણી કરી

વિશ્વ કિડની દિવસ અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી વિશિષ્ટ રીતે કરવા અમદાવાદની નારાયણા મલ્ટિસ્પેસ્યાલિટી હોસ્પિટલે ફિક્કી લેડિઝ ઓર્ગેનાઈઝેશન (ફ્લો) અમદાવાદ ચેપ્ટર સાથે જોડાણમાં ગાંધીનગર જિલ્લાનાં અમરાપુર ગામમાં ફ્રી કિડની અને હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મુખ્યત્વે મહિલાઓને કિડની સંબંધિત રોગો વિશે જાણકારી આપવામાં આવી હતી. નારાયણા હોસ્પિટલનાં ડૉક્ટર અને સ્પેશ્યાલિસ્ટની ટીમે ફ્રી મેડિકલ ચેકઅપ્સ અને કન્સલ્ટેશન આપ્યું હતું. હોસ્પિટલે ફ્લો દ્વારા દત્તક લીધેલા ગ્રામીણજનો વચ્ચ સ્વસ્થ જીવનશૈલીની માહિતી આપતી સામગ્રીનું વિતરણ પણ કર્યું હતું. માહિતી સત્ર દરમિયાન મહિલાઓને પીવાનાં શુદ્ધ પાણી, સ્વસ્થ આદતો, પોષક ભોજન વગેરે પર મહત્ત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. ગામની શાળા અને ડેરીને પ્રાથમિક સારવાર સહાયક કિટ આપવામાં આવી હતી.

બેંકોમાં ૧૫ લાખ કરોડ એનપીએ : વેંકટચેલમ્

ડિફોલ્ટરોની સામે ક્રિમીનલ ઓફેન્સ દાખલ કરવા માંગ

દેશની બેંકોમાં વધતા જતાં ચિંતાજનક એનપીએ (નોન પરફોર્મીંગ એસેટ્સ), કેન્દ્ર સરકારના વિવાદીત એફઆરડીઆઈ બીલના વિરોધમાં, બેકીંગ લોમાં સુધારો કરવા અને દેશની જાહેરક્ષેત્રની બેંકોના ખાનગીકરણની હિલચાલના વિરોધ સહિતના સંવેદનશીલ મુદ્દે અમદાવાદ શહેરમાં મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનની આજથી બે દિવસીય બેઠક શરૂ થઈ છે. જેમાં ભાગ લેવા માટે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશનના જનરલ સેક્રેટરી સી.એચ.વેંકટચેલમ્ ખાસ અહીં આવ્યા છે. બેંકીગ ક્ષેત્રના નિષ્ણાત અને ખૂબ અનુભવી એવા વેંકટચેલમે આજે અમદાવાદમાં બેંકીગમાં લોમાં તાત્કાલિક અસરથી સુધારો કરી પંજાબ નેશનલ બેંકના નીરવ મોદી, મેહુલ ચોકસી, કિંગફિશરના વિજય માલ્યા સહિતના મોટા અને ઈરાદાપૂર્વક લોન ભરપાઈ નહી કરતાં વીલફુલ ડિફોલ્ટરો વિરૂધ્ધ ક્રિમીનલ ઓફેન્સ દાખલ કરવા બહુ મહત્વની માંગણી કરી હતી. તેમણે દેશની પ્રવર્તમાન બેકીંગ પોલિસી અને કાયદામાં બદલાવ લાવવાની માંગણી કરતાં જણાવ્યું હતું કે, હાલ દેશની બેંકોમાં કુલ એનપીએ રૂ.૯.૫૦ લાખ કરોડનું એનપીએ છે અને જો તેમાં રિકન્સ્ટ્રકટેડ લોન સહિતની ગણતરી કરવામાં આવે તો, દેશની બેંકોમાં કુલ એનપીએનો આંક અધધધ...રૂ.૧૫ લાખ કરોડ થવા જાય છે. દેશમાં હાલ ૯૦૦૦ જેટલા વીલફુલ ડિફોલ્ટરો છે અને તેથી તેઓની વિરૂધ્ધ સરકારે ક્રિમીનલ ઓફેન્સની રાહે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ. પીએનબી સહિતના તમામ કૌભાંડોમાં સંસદીય તપાસની માંગણી પણ તેમણે ઉચ્ચારી હતી.

બેંકીંગ સેકટરની આ માંગણીઓ સાથે ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશન દ્વારા તા.૨૧મી માર્ચે નવી દિલ્હી ખાતે સંસદ ખાતે વિશાળ ધરણાં અને દેખાવોનું આયોજન કરાયું છે તો, દેશભરની બેંકોના કર્મચારીઓની સહી ઝુંબેશ સાથે તા.૩જી એપ્રિલના રોજ એક માસ પિટિશન લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજનને સુપ્રત કરવામાં આવશે. ત્યારબાદ એસોસીએશન દ્વારા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમો અને આંદોલનોની રૂપરેખા જાહેર કરવામાં આવશે.

મોરપીંછના રંગ ● પાના ૪નું ચાલુ...

પતિથી છૂપાવીને ગર્ભપાત કરાવી નાખે છે. અને પછી તે કદીયે મા બની નથી બની શકતી તેની પીડા ખુબ માર્મિક રીતે વ્યક્ત થઈ છે. સંતાનપ્રાપ્તિની ઈચ્છાને કારણે તેઓ કામવાળી શકુબાઈનો પુત્ર દત્તક લે છે પણ તે પુત્ર પણ પોતાના પતિ દ્વારા જ થયો હશે તો ? એવી શંકા આ વાર્તાનું મધ્યબિંદુ છે. 'અંતરનું એકાંત' માં 'હિમાલી' નામની એકાકી જીવન જીવતી એક સ્ત્રીની વેદનાની વાત છે જેનો પતિ બીજી સ્ત્રી પાસે જતો રહે છે. 'કચવાટ' માં સંયૂક્ત પરિવારમાં માનતા જયસુખરામની પારિવારિક વ્યથાની રજુઆત છે. એક ભર્યાભાદર્યા પરિવારમાં એક કર્કશા પત્ની આવી જતા આખો પરિવાર કેવો વિંખાઈ જાય છે તેની કથા સર્જકે અહીં રજુ કરી છે. '' પાનખરમાં આવી કૂંપળ' માં નિવૃત થતા પ્રોફેસર મુકુન્દરાયની નિવૃત્તિની પ્રવૃત્તિ અને મનમાં દીકરા પ્રત્યેના ખોટા વિચારો પાળવા અને અંતે એ ભ્રમ તૂટવો - આવી બધી સંવેદનાત્મક વાતોની પ્રસ્તુતિ કરવામાં આવી છે. 'કરુણામૂર્તિ' એક લેખિકાના જીવનની કરુણાંતિકા છે. લેખિકા મૈથિલીને જાહેર થતો પુરસ્કાર અને ત્યાંથી આરંભાતી વાર્તા લેખિકાના જીવનને એકાંતમાં કંઈ રીતે ફેરવી નાખે છે એની વાત લેખક ખુબ જ સરળતાથી કરે છે.' **(વધુ આવતા અંકે)**

હોબાળો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયત કર્યા મુજબ ફી ચુકવવાનો આગ્રહ રાખ્યો હતો. તો બીજીતરફ શાળા સંચાલકોએ વાલીઓને પ્રોવિઝનલ ફી ભરવા તેમજ બાદમાં જે ફી નિયત થાય તેની વધઘટની રકમ પરત કરવા માટે પણ સંમતિ દર્શાવી હતી. પરંતુ ફી ના મુદ્દે સરકારની નિતી મુજબ થાય તેવા આગ્રહ સામે શાળા સંચાલકોએ વિદ્યાર્થીઓના પરિણામ અટકાવાની ચિમકી આપી હોવાનો અહેસાસ થતા વાલીઓ રોષે ભરાયા હતા. જેના લીધે હોબાળો મચ્યો હતો. સ્વામિનારાયણ સ્કુલમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા વાલીઓએ પ્રબળ રોષ વ્યક્ત કર્યો હતો. જયારે પ્રોવિઝનલના નામે શાળા સંચાલકો દ્વારા પુરેપુરી ફી વસુલવામાં આવતી હોવાનો આક્ષેપ પણ વાલીઓ દ્વારા કરાયો હતો. જો કે શાળા સંચાલકો દ્વારા ફી ના મામલે સરકારના નિયમ મુજબ જ ફી વસુલવાની બાહેંધરી આપી નોટીસ બાર્ડ પર સુચના પણ લગાવામાં આવી હતી. નગરની શાળાઓમાં સમયાંતરે ફી ના વસુલીના મામલે હોબાળો થાય છે. જયારે ફી ના નિયત ધોરણને અનુલક્ષી અસમંજસની સ્થિતિ વચ્ચે વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે શાબ્દિક ઘર્ષણ થઈ રહયુ છે.

દિવ્યાબેન રાવલ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતીય સેવા સમાજ સંચાલિત વિકલાંગ કન્યાઓની છાત્રાલય, વિશ્વજ્યોતિ આશ્રમ તેમજ પ્રબોધ રાવલ વાનપ્રસ્થાશ્રમમાં છેક સુધી કાર્યરત રહ્યા હતા. મહાગુજરાત ચળવલમાં તેમણે પ્રબોધભાઈ સાથે રહી અને લડતને સમર્થન આપ્યુ હતુ. અત્યંત સાલસ સ્વભાવ ધરાવતા તેમજ તેમની સાદગીથી સૌના દિલમાં એક આગવુ સ્થાન ઉભુ કર્યુ હતુ. તેઓ તેમની પાછળ ત્રણ દિકરી સ્વાતિ, સાધના અને માધવી ઉપરાંત ચેતનના પરિવારને શોકાતુર મુકી ગયા છે.

યુ.એન. મહેતા હોસ્પિટલમાં છેલ્લા થોડાક સમયથી તેઓ સારવાર હેઠળ હતા. આજે તેમની ગાંધીનગરના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં પૂર્વ ધારાસભ્યો શક્તિસિંહ ગોહિલ, પૂર્વપ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, હિંમતસિંહ પટેલ, સાંસદ મધુસુદન મિસ્ત્રી, અમદાવાદ મનપા વિપક્ષના નેતા દિનેશ શર્મા, પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષી, પૂર્વ સાંસદ રાજુભાઈ પરમાર, પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લ્હેરી, ગાંધીનગર સમાચારના મેને. તંત્રી કૃષ્ણકાન્ત જહા, જાણીતા સાહિત્યકારો માધવ રામાનુજ, તુષાર શુકલ, પ્રદેશમંત્રી નીશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ સહિત વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ પૂર્વ અધિકારીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ટેકાના ભાવે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ૨૮ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થયુ હતુ અને ૮૩ હજાર મે.ટનથી પણ વધુનું ઉત્પાદન થવાના અંદાજો છે. આ વખતે ચારથી પાંચ રાઉન્ડમાં પડેલ ઠંડીને કારણે ઘઉંના પાકનું ઉત્પાદન વિક્રમી થવા પામ્યુ છે. સરકારે પણ પાટીદારોને રિઝવવાના વધુ એક પ્રયાસના ભાગરૂપે આ ઘઉંના પાકનું પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય લીધો છે. નિગમના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જરૂર પડ્યે આગામી દિવસોમાં ખરીદ કેન્દ્રોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

સમજૂતિ કરાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યુ હતુકે ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધ દિન પ્રતિદિન વધુને વધુ મજબુત બની રહ્યા છે. ફ્રાન્સ ભારતના સૌથી નજીકના વિશ્વાસુ સાથી તરીકે છે. યુરોપમાં ભારતનુ પ્રભુત્વ હવે વધી રહ્યુ છે. મેક્રોએ કહ્યુ હતુ કે અમારો પ્રથમ ઉદ્ધેશ્ય સંરક્ષણ, સંશોધન અને વિજ્ઞાન છે. ખાસ કરીને યુવાનો, ઉચ્ચ શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારત અને ફ્રાન્સ સાથે મળીને આગળ વધવા માટે ઉત્સુક છે. બંન્ને દેશો આ તમામ ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરવા માટે ઈચ્છુક છે. મેક્રોએ કહ્યુ હતુ કે ફ્રાન્સ અને ભારતની સામે ત્રાસવાદના સંબંધમાં કેટલાક એક સમાન પડકારો અને ખતરા રહેલા છે. મોદીએ કહ્યુ હતુ કે ફ્રાન્સ અને ભારતની એક મંચ પર હાજરી શાંતિમય વિશ્વ માટે સારા અને સુવર્ણ સકેત સમાન છે. બન્ને દેશોની સ્વતંત્ર અને સ્વાયત્ત વિદેશ નીતિ માત્ર પોતાના જ નહી બલ્કે સાર્વભૌમત્વ મુલ્યોને સમેટી રાખવા પર કેન્દ્રિત છે. તેમણ કહ્યુ હતુ કે જો કોઈ બે દેશ એક સાથે તમામ ક્ષેત્રોમાં સાથે મળીને આગળ વધી શકે છે તો તે ભારત અને ફ્રાન્સ છે. વર્ષ ૨૦૧૫માં ઈન્ટરનેશનલ સોલર એલાયન્સની રચના કરવામાં આવી હતી. ફ્રાન્સે તેમાં ચાવીરૂપ ભૂમિકા અ